શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન ● વર્ષ : ૧ ● અંક : ૪૬ ● તા.૨૭ એપ્રિલ થી ૦૩ મે ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.



## સમસ્ત મહાજનના સ્વાભિમાન પ્રોજેક્ટ અંતર્ગત બેંગ્લોરમાં સિનિયર સિટીઝન સાથે ગેટ ટુ ગેધર



## મેડિકલ સમિતિ દ્વારા સ્વાસ્થ્ય મિત્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન

“વિશ્વાસ” પાતળા કાગળ જેવો હોય છે,
એકવાર કરચલી પડ્યા પછી
ક્યારે પાછો બરાબર નથી થતો

-અજ્ઞાત



નીશિથ આનંદ દંડ

Sure Safety®

Complete Safety Solutions

PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણીલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તીલોકચંદ નરશી દંડ

કિર્તીકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building,
Gr.Floor, LBS Marg, Bhandup
(West) Mumbai - 78.

**Tel. 9769991922**
**9833406124**

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

www.kdosamastamahajan.org

Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ ઓગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# પ્રયત્ન અને પરિશ્રમથી પ્રાપ્ત થાય પરિણામ

નાનપણમાં પાઠ્ય પુસ્તકમાં એક કવિતા ભણાવવાતી. કરતા જાળ કરોળિયો ભોંય પછડાય, વણ તૂટે તાંતણે ઉપર ચડતો જાય. કરોળિયો એક નાનકડો પામરજીવ કેટકેટલી મહેનત, મથામણ કરી જાળ ગૂંથી પોતાનો આગવો સંસાર સર્જે છે. એક અભેદ કિલ્લો બનાવે છે. જેમાં ફસાઈ, નાના જીવજંતુ સપડાઈને કરોળિયાનું ભોજન બને છે. ગૂંથણી કલાનો ઉત્કૃષ્ટ આકાર આપણે જોઈએ તેની કલાને દાદ દેવાનું મન થાય. પણ તોય આપણ એ જાળ નડતી ન હોવા છતાં ઝાડુથી દૂર કરી દઈએ છીએ. કારણકે બાવાં, જાળા ને આપણે દરિદ્રતા-કે અશુભતાની નિશાની ગણીએ છીએ. આમ અતિ મહેનતથી બાંધેલ કૌશલથી ગૂંથાયેલ કલાનો જાણે અજાણે નાશ કરીએ છીએ.

કોઈપણ સર્જનમાં મહેનત પડે છે. એનો આપણને ખ્યાલ છે. જહેમતથી બધું મળે છે. પ્રયત્ન કરવું સારૂ અને સતત પ્રયત્નથી આપણને સિદ્ધિ મળે છે. એ દેખીતી હકિકત છે. પ્રયત્નએ દરેક વખતે પ્રયત્ન જ હોય છે. પણ એનું પરિણામ એને સફળ કે વિફળ પુરવાર કરે છે. એ જરૂરી નથી કે પ્રથમ પ્રયત્ને જ સફળ થવાય. ક્યારે ક પ્રયત્નો ઉપર પ્રયત્ન કરવા પડે છે. દરેક પ્રયત્ન કંઈ સફળતા નથી આપી શકતા પણ સફળ થવા તરફ આગળ જરૂર ધકેલે છે. દરેક પ્રયત્ન એક અલગ અનુભવ જરૂર આપે છે.

સતત કુહાડી વિંઝી સૂકા ઝાડના થડ પર સતત પ્રહાર કરતો કઠિયારો એક ધારો પ્રયત્ન કરી એક પછી એક ઘા મારી નાહિંમત થયા વગર સતત પ્રયત્ન જારી રાખી વિશાળ ઝાડને બે હિસ્સામાં બાંટી દે છે. સતત નવાણું ઘાનો માર ઝીલી ઝાડ પણ સો મા ઘાનો માર ઝીલી શકતો નથી અને ભોંય ભેગો ધરાશાયી થઈ જાય છે. આમ દરેક ઘાના પ્રયાસથી મળેલ અનુભવ અને અનુભવથી મળેલ આત્મવિશ્વાસની મૂડીથી આખરે મંઝિલ પ્રાપ્ત થાય છે.

સતત પ્રયત્ન કરવાથી અનુભવનું જ્ઞાન મળે છે અને આ અનુભવ પ્રયત્ન કરવાનો સંતોષ આપે છે. સતત પરિશ્રમ કરવાથી આપણા પોતાનામાં આત્મવિશ્વાસ, પોતાના સંકલ્પમાં શ્રદ્ધા અને ધીરજ કેળવવાની શીખ આપે છે. જે લગાતાર સફળતા તરફ કુચ જારી રાખે છે અને ધ્યેય પ્રાપ્તિના સફળ મુકામે આપણને પહોંચાડે છે. આમ એકધારા પ્રયત્ન, અવિરત પરિશ્રમ અને અખંડ ધ્યેય બળથી પરિણામ પ્રાપ્ત થાય છે. આમ સતત ઉધમમય રહેવાથી મંઝિલ મળે છે.

– જય જ્ઞાતિમૈયા

# સમસ્ત મહાજનના સ્વાભિમાન પ્રોજેક્ટ અંતર્ગત બેંગ્લોરમાં સિનિયર સિટીઝન સાથે ગેટ ટુ ગેધર









શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનની સિનિયર સિટીઝન સ્વાભિમાન સમિતિ દ્વારા બેંગ્લોરમાં સિનિયર સિટીઝન સાથે ગેટ ટુ ગેધરનું આયોજન કરાયું.

મિટીંગનો પ્રારંભ નવકાર મંત્ર પઠનથી થયું. શરૂઆતે પ્રમુખ સતિષ ડી. શાહએ ઉપસ્થિત સૌને આવકાર આપ્યો. સિનિયર સિટીઝન માટેનો સ્વાભિમાન પ્રોજેક્ટ વિષે ચેરમેન શ્રીમતી હેમા ગુલાબ છેડાએ વિસ્તૃત માહિતી આપી હતી. તદ્ઉપરાંત સમસ્ત મહાજનશ્રીના અન્ય પ્રોજેક્ટ વિષેય પણ ટૂંકમાં માહિતી આપી હતી.

સ્વાભિમાન સમિતિ પ્રોજેક્ટના કન્વીનર શેઠ શ્રી હંસ બી. ખીમજી તથા સમસ્ત મહાજનશ્રીના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી કીર્તિ ડી. ધરમશીની પ્રોત્સાહિત ઉપસ્થિત રહી હતી. તેઓશ્રીઓએ પ્રોજેક્ટ સ્કીમ માટે સપોર્ટ આપવા સૌને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

માધુરીબેન સોનાવાળા, દિનેશ કે. લોડાયા અને સતિષ પી. લુઠિયા વરિષ્ઠજનોને હકારાત્મક ટેકો આપી માનસિક તંદુરસ્તી જાળવવા અને સ્માર્ટ ફોનના ઉપયોગ વિષે માહિતી આપી હતી. અંદાજે ૫૦ જેટલાં ઉપસ્થિત રહ્યાં હતા. જેમાંના કેટલાકએ પોતાના મનોભાવ વ્યક્ત કર્યા હતા. શ્રી ગુલાબભાઈ છેડી ફેમિલીએ સમસ્ત મહાજનશ્રીને દિવ્યાંગજનને ઉપયોગી થાય એવી વ્હીલચેર જરૂરતમંદને આપવા સોપી હતી. રાષ્ટ્રીય ગીત ગાયા બાદ હાઈટીનો સૌ લાભ લઈ છૂટાં પડ્યાં હતા.





# મેડિકલ સમિતિ દ્વારા સ્વાસ્થ્ય મિત્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન

**Shree Samast KDO Jain Mahajan - Medical Committee Report**

**Aim / Objective:**

• To Create Access to Health Care Facilities for all KDO Community Members.

• To Create Local Support network of Volunteers called Swasth Mitra

• To Create Awareness on Prevention of Diseases, Control & Cure

• To Create Platform for Arranging financial support for economically weaker section during emergency medial Treatment through Crowdfunding

• To Create Platform for Medical Second Opinion by our Community Doctors

• To Create Medical Directory of our Community Healthcare Professionals

• We wish to collaborate with all Community Groups who are working on community Health to achieve highest level of support to our community members.

• Long Term Goal: To be 100% insured community

**Shree Samast KDO Jain Mahajan - Medical Committee**

| # | City | Full Name | Designation |
|---|---|---|---|
| 1 | Mumbai | Ms. Manisha Chetan Shah [Poladiya] | Chairperson |
| 2 | Mumbai | Dr. Dharini Ashiq Nagda, | Vice Chairperson |
| 3 | Mumbai | Mr Ramesh Meghji Mota, | Secretary |
| 4 | Mumbai | Mr Bharat Mulji Meisheri, | Treasurer |
| 5 | Mumbai | Mr. Rajendra Khona, | Conveynor |
| 6 | Hubli | Mr. Bharat Khimji Momaya | Executive Member |
| 7 | Vadodara | Mr. Chandresh D. Nagda | Executive Member |
| 8 | Pune | Mr. Deepak Ratanshi Lodaya [Shah] | Executive Member |
| 9 | Ernakulam | Dr. Gulab Dharamshi | Executive Member |
| 10 | Hyderabad | Mr. Hiren Mulji Momaya [ Patel] | Executive Member |
| 11 | Mumbai | Ms. Jayshree K. Dand | Executive Member |
| 12 | Jalgaon | Mr. Jitendra Valji Khona | Executive Member |
| 13 | Mumbai | Mr. Kulinkant C Luthia | Executive Member |
| 14 | Malkapur | Mr. Kumarpal Tilokchand Dand | Executive Member |
| 15 | Gandhidham | Mr. Laherchand A Khona | Executive Member |
| 16 | Mumbai | Mr. Mulchand K Mota | Executive Member |
| 17 | Mandvi | Dr. Nilesh S Poladiya | Executive Member |
| 18 | Mumbai | Mr. Paras P. Meisheri | Executive Member |
| 19 | Bhuj | Mr. Prabodh H. Munvar | Executive Member |
| 20 | Raipur | Mr. Pravin M. Meisheri | Executive Member |
| 21 | Banglore | Ms. Smita Pankaj Dharamshi | Executive Member |
| 22 | Kolkatta | Mr. Viresh L. Luthia | Executive Member |

**Initiatives:**

Access to Healthcare:We are tied up with following Healthcare Facilitators at special rates and services at special rates can be availed on presentation of KDO Global Card.

• Wockhardt Hospital Mumbai Central , Mumbai

• Wockhardt Hospital Vashi , Mumbai

• Godrej Memorial Hospital , Mumbai

• Jaslok Hospital, Mumbai

• Maxcure Hospital, Hyderabad

• Bidada Hospital, Kutch& Bombay

• Metropolis Labs (For all Pathology Tests) Across India.

• Some more tie-ups are in progress….

Medical Directory of Community Healthcare Professionals gotready in December-18. It got distributed to all the Sammelan Attendees.

Platform for Medical Second Opinion with community doctors is functional since Sammelan in December-18. Excellent support received from all the community Medical Experts. Big Thank you to all of them.

Local Support network of Volunteers called Swasth Mitra: Idea is to create a network of Volunteers, SwasthMitra with the help of Local Mahajan, across the nation to carry out health related activities uniformly to improve the overall health status of our community.

**How:**

• Swasth Mitra will carry out all the planned activities (Samast Medical Committee) in their City/Area.

• Volunteers will be supported by Local Mahajan.

• Training, Guidance& support will be provided by Samast Medical Committee

Registrations: Total 90 Registrations received through all the Mahajans.

Focusfor Next 2 Yrs: On Diseases Obesity, Diabetes, Cancer & Heart

Training of Swasth Mitra: First Training of Swasth Mitra is carried out on 23rd April 19 at Mumbai. 50

# મેડિકલ સમિતિ દ્વારા સ્વાસ્થ્ય મિત્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન



Volunteers attended the Full Day National Conference i.e. one member from each Mahajan.Mahajan's support is commendable. This conference included trainings by Well-known Medical experts

- Seven Dimensions of Health by Pulmonologist
- Diabetes & Obesity by Diabetologist
- Cancer Awareness by Onco-Surgeon
- Myths and Facts about Heart Diseases by eminent Cardiologist
- First Aid, Emergency & Care of Silver Community By Professor-Nursing&
- Training of Sanjivani Crowdfunding App so that they can assist the community members
- Swasth Mitras were given a Booklet carrying all the information related to various trainings and Medical Committee Initiatives as a ready reference.

**Sanjivani Crowdfunding Application Launch:**

Very happy to share, Sanjivani Crowdfunding Application is launched on 14th April 19 on the day of Mahajan Melavdo.

Idea is to create a platform for arranging Financial Support for Emergency medical Treatments through Crowdfunding.

Eligibility Criteria for Fundraising: Patient should have his own Unique Global Card, Patient can apply if his family income is below 20,000/month and has no insurance. Patient details will be verified by Local Mahajan and then request will be forwarded to Samast medical Committee.

Once approved it will go live and will be visible to all App users.

Donation: Donation can be given from 100 Rupees to whatever amount suitable for the donor. He / She just need to register with Name, Mobile & E-mail for authenticity verification.

Funds:Patient will receive 90% of the amount collected. 10% will be deducted towards Payment Gateway and Admin Expense.

Kindly note: this app covers only the financial aspect of care and not cure.

For Sanjivani App, Samast Mahajan received donation of 11 Lacs by Shri Parole KDO Jain Sangh (Shree Deepak Damji Shamji Poladiya Sahayak Nidhi), Parola.

Till the app was getting ready, Samast Medical committee did not wait to support needy patients. We have already attended to two cases successfully. Mr. Lalit Kalyanji Shah, Suthari and Mr. Hanskumar Khona, Motikhavdi (Hal Dombivli) both needed urgent medical attention and funds. Considering the treatment required, Rupees 10 Lacs was the approximate Budget for both together, which was collected swiftly and treatment for both these patients initiated Mr. Hanskumar Khona got discharge and doing well. Mr. Lalit Shah is still taking treatment. As per doctors he may require transplant. Funds will be collected accordingly then. Currently he is recovering from Blood disease.We appreciate support of Individual Mahajans and Organisations. Hope we will get similar support always from all of you for helping our community





# હૈદ્રાબાદમાં શ્રી ભલારાદાદાની સમૂહ પેડી અને પાઠ ઉત્સાહપૂર્વક સંપન્ન





હૈદ્રાબાદમાં રામકોટ સ્થિત શ્રી કચ્છી ભવનમાં શ્રી ભલારા ભક્તિમંડળ દ્વારા શ્રી ભલારા દાદાના સામૂહિક પાઠ ઉત્સાહ અને શ્રદ્ધાપૂર્વક રીતે સંપન્ન થયા.

શ્રી ભલારા ભક્તિમંડળના સભ્યશ્રી ગુલાબચંદ મોતા અને લહેરચંદ લોડાયાએ આપેલ માહિતી પ્રમાણે શ્રી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના કુળદેવતા, સર્વ દુ:ખનિવારક અને મનોવાંછિત ફલ પ્રદાતા શ્રી ભલારાદાદાના સામૂહિક પાઠ તથા પ્રસાદીનું ભવ્ય આયોજન ચૈત્રસુદી પુનમ શુક્રવાર તા. ૧૯ એપ્રિલ ૨૦૧૯ શુક્રવાર સાંજે ૬.૩૦ કલાકે કરાયું. સાંજે ૭ કલાકે કરાયું. સાંજે ૭ કલાકે સામુહિક પાઠ બાદ દાદાશ્રીની ભવ્ય આરતી પછી પ્રસાદીનું આયોજન કરાયું હતું.

સામૂહિક પાઠ અને પ્રસાદીના લાભાર્થી કુલીનભાઈ ટોકરશી ધુલ્લા પરિવાર સુથરીવાળા રહ્યાં હતા. વિધિ વિધાન કાંતિલાલ દામજી મોતા અને દિલીપ પદમશી મોતા દ્વારા વિધિપૂર્વક કરાયા. પરંપરાગત રીતે દરવર્ષે સામુહિક પાઠનું આયોજન છેલ્લાં ૨૫ વર્ષથી લગાતાર કરાઈ રહ્યું છે. કાર્યક્રમમાં બસો જેટલાં ભાવિક બાઈબહેનો ભાગ લીધો હતો. એની માહિતી હંસકુમાર સાયલા દ્વારા અપાઈ.



# શેત્રુંજય ૯૯ યાત્રામાં મોટી ટુંકની ૩ ભમતીમાં ૧૦૮ લોગસનું કાઉસગ બાળકો દ્વારા થયું

તા. ૨૪ એપ્રિલ ૨૦૧૯ બુધવારના તીર્થરાજ શેત્રુંજય ગિરીમાં ઉપરની મોટી ટૂંકની ૩ ભમતીમાં ૧૦૮ લોગસનું કાઉસગ ૯૯ યાત્રાના બાળ યાત્રીઓ દ્વારા કરાયુ. બાળકોના અનેરા ભાવને યુવામુનિ ગુણભદ્રલાભ સાગરજી મ.સા. માર્ગદર્શન કર્યુ હતું. બાળકોનો ઉત્સાહ અનુમોદનાને પાત્ર હતો. જેનું સ્મરણ સૌને ભવ્ય રીતે રહેશે.









# શ્રી સચ્ચાઈ માતાની સમૂહપેડી હર્ષોલ્લાસપૂર્વક સંપન્ન



તા. ૧૪ એપ્રિલ ૨૦૧૯ રવિવારના સવારે ૧૦ કલાકે રામકોટ સ્થિત શ્રી કચ્છી ભવનમાં લોડાયા ભાવિક સંઘ (હૈદ્રાબાદ) દ્વારા સામૂહિક પેડી તથા પ્રસાદીનું ભવ્ય આયોજન કરાયું. શ્રી સચ્ચાઈ માઁ લોડાયા ભાવિક મંડળના મણિલાલ લોડાયા તથા ખુશાલ લોડાયાએ આપેલ માહિતી મુજબ શ્રી સચ્ચાઈ માતાના ભક્તિના ભાવ કાર્યક્રમમાં સવારે ૧૦ કલાકે માતાજીની ભાવપ્રતિમાની સ્થાપના કરાઈ. ત્યારબાદ આરતી અને પેડીપ્રસાદ ધરાવાયા હતા. ઉપસ્થિત સૌ ભાવિકજનો પ્રેમપૂર્વક પ્રસાદ પેડીનો લાભ લીધો હતો. સ્વામિવાત્સલ્યના લાભાર્થી દાતા માતુશ્રી સોનબાઈ લક્ષ્મીચંદ ઘેલાભાઈ લોડાયા પરિવાર હસ્તે હેમિનાબેન ચેતન લોડાયા અને લક્ષ્મીબેન ભરત લોડાયા પરિવાર રહ્યાં હતા.

આયોજન સમિતિના સદસ્ય લહેરચંદ લોડાયા તથા ગૌતમ લોડાયાએ આપેલ માહિતીનુસાર ધાર્મિક આયોજનમાં શ્રી માતાજીએ આદેશ આપ્યો હતો કે આગામી વર્ષે પણ પેડી પ્રસાદ જાળવી રાખવો, આગામી વર્ષ સર્વે લોડાયા પરિવારજનો માટે સુખ શાંતિ અને સૌભાગ્યપૂર્ણ રહેશે એવા આશિષ આપ્યા હતા.

છેલ્લાં ૧૬ વર્ષથી લગાતાર માતાજીની પેડીનું આયોજન કરાઈ રહ્યું છે. ગતવર્ષની પેડીપ્રસાદ સ્વામિવાત્સલ્યના લાભાર્થી દાતા માતુશ્રી દેવકાબેન વિરચંદ નરશી લોડાયા (જાગીદાર) પરિવાર હસ્તે સૌ. અપર્ણા ગૌતમ લોડાયા રહેશે.

આ અવસરે ચૌતન્યપુરિ ભક્તિમંડળ, રશ્મિબેન લોડાયા તથા હર્ષા માડણ દ્વારા ભકિત સંગીતની રમઝટ જમાવી હતી. ઢોલ વાજીંત્રને તાલે સૌ ગરબા રમવા પ્રોત્સાહિત થયા હતા. કાર્યક્રમનું સંચાલન રશ્મિબેન રાજેશ લોડાયા એ કર્યું હતું.

પેડી પ્રસાદ કાર્યક્રમમાં લોડાયા પરિવારના ભાઈ બહેનો અને વિશિષ્ટ અતિથિગણ ઉત્સાહપૂર્વક સહભાગી થયા હતા. જેમાં સર્વશ્રી ધનપત મોતા, કાંતિલાલ લોડાયા, મણિલાલ લોડાયા, ખુશાલ વાલજી વિજય લોડાયા, રાજેશ ગિરીશ મોતા, અશ્વિનભાઈ, ભાવેશભાઈ, સોનબાઈ લોડાયા, હેમિના લોડાયા, પલ્લવી લોડાયા, ગ્રિષ્મા મોતા, દમયંતિ લોડાયા, ચંદ્રાબેન લાપસિયા, નિલબેન, જ્યોત્સનાબેન, ધારિણ લોડાયા, અર્પણા ગૌતમ, વર્ષા લોડાયા, ઉર્વી સમકિત વગેરે ગણમાન્ય હતા.

# સિધ્ધાચલ ૯૯ યાત્રામાં ખમાસમણાંથી ભક્તિ





ગુણ ગુણોદય સિધ્ધાચલ ૯૯ યાત્રામાં એક એક પગથિયે ખમાસણાં આપી યાત્રા કરતા આપણા બાળકો યુવાનોય ૯૯ યાત્રામાં કંઈક નોખું કંઈક અનોખુ થઈ રહ્યું છે. ધીર કેતનભાઈ છેડા ગ્રામ સામખિયાળી હાલે પારલા છઠ કરીને સાત જાત્રા કરી પારણા કર્યા. જેની અનુમોદના અનુમોદના.

# ૯૯ યાત્રામાં છઠ કરી આઠ યાત્રા પૂર્ણકરી તેની અનુમોદના કરાઈ

તા. ૨૧ એપ્રિલ ૨૦૧૯ રવિવારના ગુણ ગુણોદય સિધ્ધાચલ ૯૯ યાત્રામાં સાહિલ ગૌતમજી બોહરા બાડમેર (રાજસ્થાન) હાલે સુરતના બાળકએ છઠ કરી આઠ યાત્રા પૂર્ણ કરી.

૯૯ યાત્રાના સંઘપતિ છે તેમની અંતરથી અનુમોદના



**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper @ www.kdosamastamahajan.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# ગુણ ગુણોદય ૯૯ યાત્રામાં બાલ યાત્રિકો દ્વારા ખમાસણા થયા




ગુણ ગુણોદય ૯૯ યાત્રામાં બાલ યાત્રિકો દ્વારા કષ્ટતાથી શેત્રુંજય તીર્થના દરેક પગથિયે ખમાસણા આપી યાત્રા કરવામાં આવી રહી છે. ઉનાળાના આકરા તાપનાં ખુલ્લા પગે બાળ યાત્રિકોના ભાવ અનુમોદના કરવાને યોગ્ય છે. તેમનામાં ધર્મભાવ સદાય ઝળહળતો રહે.

---

# શ્રી વિરાર અચલગચ્છ જૈન સંઘના ઉપક્રમે પંચદિવસીય શ્રી ગુણવિમલ કન્યા જ્ઞાન શિબિરનું આયોજન

તા.૭મે, ૨૦૧૯ મંગળવારથી તા.૧૧ મે,૨૦૧૯ શનિવાર સુધી ૧૦ વર્ષથી ઉપરની કન્યાઓ માટે પાંચ દિવસીય શિબિરનું આયોજન આયંબિલ ભવન ૧લા માળે, જૈન મંદિર રોડ, શ્રેયા હોટલની ગલીમાં અચલગચ્છ જૈન ઉપાશ્રયની સામે વિરાર વેસ્ટમાં કરાયું છે. તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞા, આશિર્વાદે ક્ષમતાપૂર્તિ પ.પૂ.અનંતપૂર્ણાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.દિવ્યાપૂર્ણાશ્રીજી મ.સા. આદિઠાણા ૨ની પાવન નિશ્રામાં આ જીવન સંસ્કારલક્ષી કન્યા શિબિરનું અદ્‌ભૂત આયોજન કરાયું છે.

ભાગ લેવા ઈચ્છુક કન્યાઓએ તેજસભાઈ સાવલા ૮૮૦૬૪૬૪૬૬૬, આરતીબેન છાડવા ૮૬૯૮૯૯૨૧૯૯ પાસે નામ લખાવી લેવા. રજીસ્ટ્રેશન કરાવેલ કન્યાઓ સોમવાર, તા.૬ મે,૨૦૧૯ બપોરે ૩ સુધી આવી જવું. રવિવાર તા.૧૨ મે બપોરના જમ્યા બાદ વિદાય લેવાશે. શિબિર દરમ્યાન ચોવિહારની વ્યવસ્થા રાખેલ છે. શિબિરાર્થી કન્યાઓ સામયિક, પૂજાની જોડ, પ્રતિક્રમણ બુક, આંગીની સામગ્રી, દુપટ્ટો-શાલ-નેપકિન વગેર સાથે લાવવા.

શિબિરના પાંચેય દિવસે વિવિધ વિષયો ઉપર ઉપયોગી, ધર્મ, જ્ઞાન અને ભક્તિ વિશેની સમજ, શિક્ષણ અને સમ્યક જ્ઞાન લેવાનો અદ્‌ભુત લ્હાવો. શિક્ષિત બ્રિલીયન્ટ કન્યાઓ છોડો મોબાઈલ, ફેસબુકના રોગો, સમ્યક જ્ઞાન રસિક બનવામાં લાગો. જિનાજ્ઞા એ જ છે જીવનનો સાર એમ કહે છે વિતરાગો માટે સમર વેકેશનમાં લેવો રહ્યો આ શિબિરનો લાગો.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ગુણ ગુણોદય ૯૯ યાત્રામાં ગિરિરાજ સફાઈ અભિયાન કરાયું





ગુણ ગુણોદય ૯૯ યાત્રામાં નિલ કાંતિભાઈ નાગડા યાત્રિક ઓળખ નં. ૨૨૩ દ્વારા તા. ૨૪ એપ્રિલ ૨૦૧૯ બુધવારના ગિરીરાજ સફાઈ અભિયાન શરૂ કરાયું. તીર્થ સફાઈ, દેશ સફાઈના અનેરા ભાવ સાથે તેમની સાથે અન્ય યાત્રિક બાળકો અને કાર્યકર્તાઓ જોડાયા હતા અને ભાવ પૂર્વક સફાઈ કરી ભક્તિ કરી હતી. આપણું પવિત્ર તીર્થ સાફ અને સુથરૂ થઈ સોહામણું સોહે એ ભાવથી આ કાર્યની જાજેરી અનુમોદના.

# સિધ્ધાચલ ૯૯ યાત્રામાં બાળકની અનેરી તપસ્યા

ગુણ ગુણોદય સિધ્ધાચલ ૯૯ યાત્રામાં આપણી જ્ઞાતિના બાળક ગામ જખૌના હાલે ઘાટકોપર મોહિત અમિતભાઈ શિયાલ છઠ કરીને ૭ યાત્રા ભાવપૂર્વક કરી. તેમની તપસ્યાને અનુમોદનાથી વધાવીએ



## શ્રી શંખેશ્વર પરમેશ્વર પાર્શ્વનાથ તીર્થમાં સામુહિક અટ્ઠમ તપ આરાધના

તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદય સાગર સૂરિશ્વરજી મ.સા. આદિ શ્રમણ-શ્રમણવૃંદની નિશ્રામાં ભવ્ય સામૂહિક અઠમ તર આરાધના પારણા પરમ પ્રભાવી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પરમાત્માના તીર્થમાં તા. ૮ મે ૨૦૧૯ના થશે. જેમાં અઠમ તપના અતરવાયણા તા. ૪ મે ૨૦૧૯ના. અઠમ તપના દિવસ તા. ૫, ૬ અને ૮ મે ૨૦૧૯ અને તા. ૮ મે ૨૦૧૯ના અઠમતપના ભવ્યાતિભવ્ય પારણા પર્વ થશે. પરમ તપસ્વી તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણેદય સૂરિશ્વરજી મ.સા.ના અખંડ ધારાએ ચાલતા પચાસમાં સુર્વણ વર્ષીના પારણાના પ્રસંગે સામુહિક અઠમ કરાવવાનું પરમ સૌભાગ્ય લાભ સંઘમાતાા અ સૌ નીતાબેન નાનાલાલ કેશવજી ઉર્ફે બાબુભાઈ ગાલા પરિવાર અ.સૌ રૂચિ ધૈર્ય નાનાલાલ ગાલા કાંડાગરા-પરેલ વાળાને મળેલ છે.

# કનકાવલી મહાતપના પારણાની આમંત્રણ પત્રિકા પર કંકુ છાંટણા કાર્યક્રમ કરાયો




અચલગચ્છાધિપતિના આજ્ઞાનુવર્તી સાધ્વીજી શ્રી કૈવલ પ્રિયા શ્રીજી મ.સા.ના ભવ્ય કનકાવલી મહાતપના પારણાના કાર્યક્રમની આમંત્રિણ પત્રિકા પર કંકુ છાંટણા પાલીતાણા ખાતે આધ્યાત્મ યોગી ગુરૂદેવ રત્નસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં લાભાર્થી પરિવાર માતુશ્રી પુષ્પાબેન દામજી આણંદજી લોડાયા પરિવાર કચ્છ બાંડિયા-ભાંડુપની ગરિમા મયી ઉપસ્થિતમાં સંપન્ન થયેલ. સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓની ઉત્સાહ ભરી ઉપસ્થિતિ આ પ્રસંગે રહી હતી. દાતા પરિવારની અનુમોદના ભાવપૂર્વક કરાઈ હતી.








# યુ.એસ.એ.માં મહાવીર સ્વામી રોડનું નામકરણ

સર્વે જૈન ધર્મીઓને ગૌરવ થાય એવી ઘટના યુ.એસ.એ.માં બની છે. નોર્થ અમેરિકામાં પ્રથમવાર જૈન સેન્ટર ચિકાગો અને બેયટ્રી સ્ટ્રીટ બંટલેટ વચ્ચે મહાવીર સ્વામી રોડનું નામકરણ કરાયું છે.

# પ.પૂ.યશોદયાશ્રીજી મ.સા. ઓપરેશન બાદ શાતામાં



પ.પૂ.યશોદયાશ્રીજી મ.સા.ને પથરીની તકલીફ વધતાં પાલીતાણાથી અમદાવાદ પધારેલ. મૂળ કચ્છના જ ડૉક્ટર હિમાંશુ શાહ દ્વારા. તેમની કિલનિકમાં તા. ૨૩ એપ્રિલ ૨૦૧૯, મંગળવાર રોજ સવારે સફળથા પૂર્વક ઓપરેશન થયેલ. પૂજ્યશ્રીની શાતા સારી છે. હજી બે દિવસ હૉસ્પિટલમાં રહી. તેમ પૂજ્યશ્રીની દેખભાળ સંભાળ અમદાવાદ જૈન સંઘના વડીલ અને અખિલ ભારત અચલગચ્છના વૈયાવચ્ચ સમિતિના ટોકરશી મામા અને તેમની સંપૂર્ણ ટીમ ખડે પગે ઊભી રહી હતી.

ડૉક્ટરની સલાહ મુજબ થોડો સમય પ.પૂ.મ.સા. અમદાવાદ સંઘ અંતર્ગત નવનીત વિવિધ લક્ષી ભવનશ્રીમતી કસ્તુરબેન રવિલાલ સંઘોઈ(પુનડી) અચલગચ્છ ઉપાશ્રયમાં સ્થિરતા કરશે.

# શ્રી કૈવલ્ય પ્રિયાશ્રીજી મ.સા.ના કનકાવલી તપના પારણાં

શ્રી શંખેશ્વરજી તીર્થના આંગણે તપ જ્યોતિ પ.પૂ. સાધ્વીજી કૈવલ્ય પ્રિયાશ્રીજી મ.સા.ના કનકાવલી તપનું પારણું તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.સા.ભ.શ્રી ગુણોદય સાગર સૂરિશ્વરજી મ.સા.ની આજ્ઞાનું વર્તીની પરમ વિદુષી પ.પૂ. સાધ્વીશ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ના સુશિષ્યા તપ જ્યોતિ પ.પૂ. સાધ્વીશ્રી કૈવલ્ય પ્રિયાશ્રીજી મ.સા.એ તપધર્મનું આલંબન લઈને અણાહારી પદને પામવાના લક્ષ્યથી તપની સીડીએ ચઢતાં અતિ કઠીનાતી કઠીન કનકાવલી તપ કરી અચલગચ્છના ઈતિહાસમાં એક સુર્વણ ઉમેર્યું.

તપસ્વીરત્નાનું પારણું તપ ચક્રવર્તી પ.પૂ.સા.ભ.શ્રી ગુણોદય સાગર સૂરિશ્વરજી મ.સા.ની સાથે શંખેશ્વર તીર્થે ચર્તુવિધ સંઘન ઉપસ્થિતમાં ત્રિહયાનિકા મહોત્સવ રૂપે તા. ૫ મે ૨૦૧૯ રવિવાર થી તા. ૭ મે ૨૦૧૯ મંગળવાર દરમ્યાન તપ ધર્મનો જયનાદ ગગનમાં ગુંજવાતા જિનશાસનની શોભા વધારવા થશે. આ ધર્મ પ્રસંગમાં સૌને હાજર રહી લાભ લેવાનું નોતરૂશ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ ભાંડુપ દ્વારા અપાયું છે.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# સિધ્ધાચલ ૯૯ યાત્રામાં અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંતની ૮૩મી દીક્ષા તિથિ ઉજવાઈ







ગુણગુણોદય સિધ્ધાચલ ૯૯ યાત્રામાં ૨૭ એપ્રિલ ૨૦૧૯ શનિવારના રોજે પ.પૂ.અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંત ગુણસાગરસૂરિજી મ.સા.ની ૮૩મી દીક્ષા તિથિનો રંગારંગ કાર્યક્રમ દ્વારા ઉજવવામાં આવી. સંઘના ભાવિકજનો ઉત્સાહપૂર્વક ઉજવણીનો આનંદ લીધો હતો.




# શ્રી ભલારાદાદાની ૩૧મી સમૂહ પહેડી આનંદ, ઉત્સાહ અને ઉમંગથી ભવ્યતા અને ભક્તિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ





દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે ચૈત્ર સુદી એકમ ચંદ્રદર્શન અને ગુડી પડવાના મંગલ પર્વ દિને તા.૬ એપ્રિલ ૨૦૧૯ શનિવાર રોજે સાંજના ૪ કલાકે મહાકવિ કાલિદાસ ઓપન ગ્રાઉન્ડ સ્થળે ભાવિકો ભક્તજનોના અપૂર્વ આનંદ, ઉત્સાહ અને ઉમગની હેલી વચ્ચે ભવ્યતા અને ભક્તિપૂર્ણ માહોલમાં શ્રી ભલારાદાદાની ૩૧મી સમૂહ પહેડી સંપન્ન થઈ.

પ્રારંભે સમૂહ પહેડીના દાતાશ્રી પરિવારોની કુમારિકાઓએ મંડપ સ્થાપનાની મંગલ વિધિ શાસ્ત્રોક્ત રીતે કરી હતી. ત્યારબાદ શ્રી ભલારાદાદાની જ્યોતનું પ્રાગટ્ય દાતા પરિવારની મહિલા બહેનો એ કર્યું હતું.

૩૧મી સમૂહ પહેડીના લાભાર્થી ૧૪ દાતા પરિવારના મોભી વડીલો સાફા ધારણ કરી પરિવારના સૌ સભ્યો સાથે વાજતે ગાજતે ભાવભક્તિપૂર્વક પહેડી જુહારી હતી. આ લાભાર્થી પુણ્યશાળી પરિવારોમાં માતુશ્રી રાજબાઈ લક્ષ્મીચંદ મોતા પરિવાર (લાખાણીયા-વડાલા), માતુશ્રી પ્રેમાબાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર (રવા-ચેમ્બુર), માતુશ્રી માલતીબેન જયંત ભવાનજી સોની પરિવાર (સુથરી-જુહુ), માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર (રાપરગઢવાળી), માતુશ્રી નવલબેન મંગલભાઈ ખોના પરિવાર-ધનરાજ કેટરર્સ (કોઠારા-મુલુંડ), માતુશ્રી રાજબાઈ પદમશી મોતા હસ્તે જયશ્રી ભરત મોતા પરિવાર (કુવાપધ્ધર-હૈદ્રાબાદ), માતુશ્રી પીંકીબેન કમલેશ ધરમશી (જસાપર-ભાંડુપ), માતુશ્રી વિજયાબાઈ કુંવરજી હરશી લોડાયા પરિવાર (રાપરગઢવાળી-ભાંડુપ), માતુશ્રી શાંતાબાઈ પાસુભાઈ લોડાયા પરિવાર (મોટી ખાવડી-મુલુંડ), માતુશ્રી મણિબાઈ વાલજી ગોવિંદજી ખોના (શાહ) પરિવાર (સાંધવ-ઘાટકોપર), શ્રીમતી મુક્તાબેન ગોવિંદજીભાઈ દેવજી પટેલ પરિવાર (મંગવાણા-મુલુંડ), માતુશ્રી કલ્પનાબેન શામજી નરશી દંડ પરિવાર (સાંધવ-મુલુંડ), માતુશ્રી માકબાઈ લખમશી મેઘજી ધુલ્લા હસ્તે યોગેશ ધુલ્લા (કોઠારા-મુલુંડ) તથા માતુશ્રી તરૂણાબેન ઝવેરચંદ હરશી લોડાયા હસ્તે મિતેશ (રાપરગઢવાળી-મુલુંડ) રહ્યાં હતા.

ત્યારબાદ સંગીતમય આરતી ઉતારી હતી. સમૂહપેડીમાં લાલપુર સ્થાનકના ભુવાશ્રી રમણસિંગ તથા યતિશ્રી મોતીસાગરજી વિશેષ ઉપસ્થિત ભાવિકોને અઢળક આશિષ આપ્યા હતા. પહેડીના મુખ્ય માર્ગદર્શક મણિકાંતભાઈ ધુલ્લા, હંસકુમાર મૈશેરી, મુકેશ મૈશરી, ધનરાજ ખોના રહ્યાં હતા. વિશેષ સહયોગ શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સર્વોદય મંડળ મુલુંડનો મળ્યો હતો.





# શ્રી ભલારાદાદાની ૩૧મી સમૂહ પહેડી આનંદ, ઉત્સાહ અને ઉમંગ માહોલમાં સંપન્ન થઈ





ઉદ્‌ઘોષક અને ઈવેન્ટ ઓર્ગેનાઈઝર ઉત્તમ છેડા અને સાથી કલાકારોએ ગીત સંગીતની ભવ્ય રમઝટ જમાવી ભક્તિમય માહોલ જમાવ્યો હતો. ઉપસ્થિત સૌ સંગીતના સૂર તાલોમાં ઝૂમી ઉઠ્યા હતા.



આગામી તા.૧૭, ૧૮ અને ૧૯ એપ્રિલ ૨૦૧૯ બુધવાર, ગુરૂવાર, શુક્રવાર ચૈત્ર સુદ ૧૩, ૧૪ અને પુનમના લાલપુર સ્થાનકે ધ્વજા મહોત્સવનું ભવ્યતાથી આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભલારા ઓલિમ્પિક મહોત્સવ રમાશે જેની સૌને જાણકારી અપાઈ હતી અને ધ્વજા મહોત્સવમાં પધારવાનું આમંત્રણ અપાયું હતું.

લાલપુર સ્થાનકે ક્ષેત્રપાળ દાદાનું નૂતન મંદિરના નિર્માણની જાહેરાત કરાઈ. આ પ્રસંગે વિવિધ પ્રસંગોના લાભ લેવાની ઉછામણી કરાઈ હતી. જેમાં ખનન વિધિ-માતુશ્રી પુષ્પાબેન ચીમનલાલ મોમાયા, શિલાન્યાસ-માતુશ્રી કસ્તુરીબેન વેલજી શીવજી મૈશેરી, પ્રતિમાજી ભરાવવાના-શ્રી ભલારા કેટર્સ, પ્રતિમાજી સ્થાપના-શ્રી ભલારા ભાવિક નૂતન મંડળ, કળશ સ્થાપના-જમકુભાઈ મેગજી દેવજી દંડ, ધ્વજદંડ-શ્રી કુંવરજી આણંદજી મોમાયા, ધ્વજા આરોહણ-માતુશ્રી દમયંતી હંસરાજ દંડ, લાભાર્થી નક્કી થયા હતા.

લાલપુર સ્થાનક વિવિધ લક્ષી સંકુલ નિભાવ અને કાયમી પહેડી ભંડોળના લાભ માટે રૂ.૧૧ હજારના કુપન લાભની


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી ભલારાદાદાની ૩૧મી સમૂહ પહેડી આનંદ, ઉત્સાહ અને ઉમંગ માહોલમાં સંપન્ન થઈ





શરૂઆત કરાઈ હતી. જેમાં પાંચ ભાગ્યશાળી દાતાઓએ લાભ લીધો હતો.

આગામી વર્ષની ૩૨મી પહેડી માટેના દાતાઓની નોંધણીમાં ૧૪ દાતા પરિવારોએ પોતાનું નામ નોંધાવી લાભાર્થી બનાવી આગળ આવ્યા હતા.

સમૂહ પહેડીમાં સ્થાનિક નગરસેવક અને આગામી લોકસભા ચૂંટણીના ભાજપ ઉમેદવાર શ્રી મનોજ કોટક, કોંગ્રેસ પક્ષના માજી વિધાન પરિષદ સભ્ય શ્રી ચરણસિંગ સપ્રા તથા ભાંડુપથી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષના લોકસભા ઉમેદવાર શ્રી સંજય પાટીલના ધર્મપત્ની શ્રીમતી પલ્લવી સંજય પાટીલ ભલારાદાદાના દર્શન કરી કૃતાર્થ થયા હતા. શ્રીમતી પલ્લવીબેનએ કચ્છી ભાષામાં સૌને સંબોધન કરી નવા વર્ષની શુભેચ્છા આપી હતી.

પાંચ હજારથી વધુ ભાવિકો દર્શન તેમજ દર્શનનો લાભ લીધો હતો. ધનરાજ કેટરર્સના મેઘભાઈ ખોનાને પહેડી પ્રસાદની સુમધુર વાનગી પીરસી સૌને તૃપ્ત કર્યા હતા. સમૂહ પહેડીનું લાઈવ ટેલીકાસ્ટ હોમ કેબલ પર શ્રી ગિરીશભાઈ કોઠારીના સૌજન્યથી કરાયું હતું. ફોટોગ્રાફર તિલકચંદભાઈએ સૌ પ્રસંગોને તસ્વીરમાં ઝીલી લઈ સ્મૃતિ સંભારણામાં ઝડપયા હતા.

કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન અને વ્યવસ્થા શ્રી ભલારા પૂનમ મંડળ, શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળના યુવા અને ઉત્સાહિત કાર્યકરો એ જહેમતપૂર્વક સંભાળી હતી.




ISO 9001:2015
INSURANCE SERVICES
CERTIFIED COMPANY
You're safe in our hands.
SINCE 1977

**Bipin Nagda**
Insurance & Financial Services
An ISO 9001:2015 Certified Co.

**India's Leading Agent**
682, Ajanta Compound, Bhiwandi.
Tel.02522-232190/231411/254011
Mob. : 9323525000
Email : bipinpnagda@gmail.com,
Web. : www.bipinnagda.com

**VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY**

મેહંદી ના ઑર્ડર પર લઈ જવા માં આવશે.

CERTIFICATE COURSE
All Types of Mehendi & Personality Development

40 Years Experience in Mehendi

- Basic
- Floral
- Cutwork
- Movie Mehendi
- Figure
- Western
- Portrait
- Etc.

Special Discount KDO



BATCH IS STARTING FROM 2ND JAN2019
For Inquiry & Admission Time : 11 am to 4 pm
Working Women's Special Batch on Sunday
OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.

Add : 52,Anant Niwas,Third floor,
Bhat Bazar,N.N.Street,
Masjid Bunder(W),
Near Railway Station,
Above E.H.kathawala
Call : 9820431717 / 9920641717
Email : veenanagda17@gmail.com

Special Discount For S.S.C

We also book bridal & party orders
www.veenabollywoodmehendi.com

# અદ્‌ભૂત જોમ અને જુસ્સા સાથે

# શ્રી ભલારા ઓલિમ્પિક ૨૦૧૯ લાલપુર મુકામે સંપન્ન



શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપુર દ્વારા આયોજિત જોય પ્રેઝન્ટસ સર્મથિત શ્રી ભલારા ઓલિમ્પિક ૨૦૧૯ લાલપુર સ્થાનકે તા. ૧૭ એપ્રિલ બુધવાર તથા તા. ૧૯ એપ્રિલ ગુરૂવારના રાત્રે ૮ થી ૧૨ દરમ્યાન યોજાઈ દર વર્ષની જેમ ચૈત્ર સુદ પુનમ શુક્રવાર તા. ૧૯ એપ્રિલ ૨૦૧૯ના સવારે ૯ થી ૧૦ કલાકે ધ્વજા મહોત્સવ આનંદ-ઉમંગથી ઉજવાયો. દાદાશ્રીનો મહાપ્રસાદ બપોરે ૧ કલાકે યોજાયો હતો.



સતત બીજા વરસે આ ભવ્ય ઓલિમ્પિક મહોત્સનું તીર્થ પ્રાંગણમાં આયોજન કરાયું હતું. જેમાં બાળકો યુવક-યુવતીઓ રસપૂર્વક સહભાગ લીધો હતો. ખેલ મહોત્સવના સફળ આયોજનનું વ્યવસ્થ ાપન મણિકાંતભાઈ ધુલ્લા, જયંત છેડાના માર્ગદર્શન અને દેખરેખમાં કરાયું હતું. સ્પર્ધાઓનું સૂત્ર સંચાલન અને વ્યવસ્થા આયોજન સ્પીડી સ્ટ્રોકના જીગર દિલીપ નાગડા, મીત કીર્તિકુમાર નાગડા, રાહુલ વિજય મૈશેરી, વિનીત નરેશ ખોના, વીરચંદભાઈ લોડાયા, મહેશભાઈ દંડ દ્વારા બબૂબીથી કરાયું હતું.

સમગ્ર ઓલિમ્પિકમાં કુલ્લ ૮ ગેમ્સમાં કુલ્લે ૫૫૦ સ્પર્ધકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. અગાઉના વર્ષની સફળતા ઉત્સાહિત થયેલ સ્થાનિક સ્કૂલોના વિદ્યાર્થીઓએ ખેલ પ્રેમ ભાવનાથી જોડાયા હતા. બે દિવસના ભલારા ઓલિમ્પિક ખેલ મહોત્સવ સ્પર્ધા બાદ તા. ૧૮ એપ્રિલે ગુરૂવારે રાતે ૧૧.૩૦ ઈનામ વિતરણ સમારોહ શ્રી મણિકાંત ધુલ્લા-પ્રતાપ એક્સલન્સી, મુલુંડના અતિથિ વિશેષ પદે જેમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી કે.વી.જેઠવા પ્રાંત અધિકારી લાલપુર, શ્રી કે. આર.પરમાર મામલતદાર લાલપુર, શ્રી દિપાબેન કોટક તાલુકા વિકાસ અધિકારી શ્રી લાલપુર અને શ્રી સમીરભાઈ ભેસદડીયા સરપંચશ્રી લાલપુર ગ્રામ પંચાયતની ઉપસ્થિતિમાં યોજાયો.

# સગપણ સેતુ



શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન-જ્ઞાતિમૈયાના માધ્યમથી જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળે એ માટે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ સમિતિના સહકાર સહયોગથી સગપણ સેતુ નામથી વિભાગ શરૂ કરેલ છે.

આસુવિધાનોલાભલેવાજ્ઞાતિજનોપોતાનોસંપૂર્ણબાયોડેટા-ફોટાસાથે કન્વીનર મનીષા લાલકા(૯૮૨૦૫૪૫૭૩૪), જલ્પા લોડાયા(૯૮૬૭૬૧૫૯૧૩), જસ્મીન સાયલા, જસ્મીન ધુલ્લા. કલ્પેશ લોડાયા, હિતેશ નાગડા, રિતેશ ખોના, પ્રગ્નેશ નાગડા, વર્ષા લોડાયાનો સંપર્ક કરવો.



**NAME : BHAVESH N. SHAH (DAND)**

**DATE OF BIRTH :** 04/12/1986

**WEIGHT :** 67 KG.

**HEIGHT :** 5 FT 8 INCH.

**PLACE OF BIRTH :** MUMBAI.

**QUALIFICATION :** MBA IN FINANCE.

**MEDIUM OF LEARNING :** ENGLISH MEDIUM.

**JOB :** BUSINESS (BROKER\STOCK MARKET).

**HOBBIES :** PLAYING CRICKET AND READING BOOKS.

**MOBILE NO. :** 9892969176

**FAMILY BACKGROUND :**

**FATHER :** NARENDRA DHANJI SHAH (DAND).

**MOTHER :** PRITI NARENDRA SHAH (DAND).

**SIBLINGS :** 1 SISTER

BINAL NARENDRA SHAH (UNMARRIED)

**GRAND FATHER :** DHANJI PADAMSHI DAND.

**GRAND MOTHER :** MURBAI DHANJI DAND.

**NATIVE PLACE :** BHARUDIA (SAURASHTRA)

**ADDRESS :** FLAT NO. 1201, A1-WING, 12TH FLOOR, SHREE LAXMI RESIDENCY, N.M.JOSHI MARG, BYCULLA (WEST), MUMBAI – 400027.

**Gyatimaiya KDO Mahajan Code No. B-5**

**Falguni Harish Shiyad**



**Personal Details :**

**Date of Birth :** 22nd Dec. 1987

**Height :** 5'6"

**Place of Birth :** Karad, Dist. : Satara

**Time of Birth :** 8:16 AM. Tuesday

**Education :** B.E. (Computers), M.M.S. (Finance)

**Profession :** Manager at Capgemini (Office in Airoli)

**Hobbies/Interests :** Travelling, Reading Novels, Movies, Music, Dancing

**Family Background :**

**Father's Name :** Mr. Harish Thakershi Shiyad

**Mother's Name :** Mrs. Rita Harish Shiyad

**Siblings :** None

**Kutch Village :** Tera, Abdasa

**Kandmool :** Yes

**Residential Address :** A/702, Shanti Apartments, Mahakali Nagar, Vidyalaya Road, Mulund (East), Mumbai – 400 081.

**Father's Contact Details :** 98207 93652 (WhatsApp); 89288 49605;
Email: harishshiyad@yahoo.co.in

**Gyatimaiya KDO Mahajan Code No. G-26**

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ભુજના ભાનુશાલી નગરસ્થિત ભવનાથ મહિલામંડળ દ્વારા લગ્નગીત સ્પર્ધા યોજાઈ. જેમાં ૧૮ મહિલા મંડળોએ ભાગલીધો હતો. સ્પર્ધામાં સાત નંબર સુધીના વિજેતાઓને રોકડ પુરસ્કાર એનાયત કરાયા હતા. અન્ય સ્પર્ધકોને પણ આશ્વાસન ઈનામ અપાયા હતા. નિર્ણાયક તરીકે રીમાબેન ખત્રી અને તૃષાબેન વૈધે સેવા આપી હતી.

● કચ્છની એક માત્ર સરકારી ઈજનેરી કોલેજ ભુજ ખાતે પ્રવેશમળેલ વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા પરીક્ષણ અને થેલેસિમિયા, જાગૃતિ અંગનો કાર્યક્રમ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, રોટરી ક્લબ ભુજ વોલસિટીનો ઉપક્મે યોજાયો. જેમાં ૩૬૧ વિદ્યાર્થીઓની તપાસણી કરાઈ હતી.

● અખિલ કચ્છી રાજયગોર મહિલા મંડળ ભુજ દ્વારા મોબાઈલની રમતોથી બાળકોને દૂર રાખવા, ટીવીના પડદાથી થોડા સમય માટે દૂર રાખવા ભાતીગળ રમતો જેવી કે લંગડી, કોથળા દોડ, લીંબુ ચમચી, સ્લો સાઈકલ, સંગીત ખુરશી, રસ્સી ખેંચ જેવી રમતોનું આયોજન કરાયું હતું. ભાગ લેનાર તથા વિજેતા બનનારને ઈનામો અપાયા હતા.

● ભુજ શહેરના વાણિયાવાડ ડેલામાં ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુજી જિનાલયની ૪૧૨ મી વર્ષગાંઠની ત્રિદિવસીય ઉજવણી મુનિ પૂર્ણ ભદ્ર સાગરજી, મ.સા. અક્ષયગુણાશ્રીજી મ.સા. સા કાવ્યગુણાશ્રીજી મ.સા. તથા શ્રમણી વૃંદની હાજરીમાં કરવામાં આવી હતી.

● લખપત તાલુકાના ખટિયા ગામે ઉત્ખનન દરમ્યાન ૨૫૦ થી વધુ માનવ કંકાલ ધરાવતું પાંચહજારથી વધુ વર્ષ પુરાણું કબ્રસ્તાન મળી આવ્યું છે .ભુજથી અંદાજે ૧૩૦ કિ.મી. અને ઘડુલીથી ૧૫ કિ.મી. અંતરે આવેલી આ પુરાત્વ સાઈટ હજી પણ અનેક રહસ્યો ધરબી બેઠી છે. કેરલા યુનિ આર્કિયાલોજી વિભાગ કચ્છ યુનિ, વડોદરાની એમ.એસ.યુનિ. પુના કોલેજના નિષ્ણાતો મળી ૪૫ દિવસની ઝીણવટ ચીવટપૂર્વકની કામગીરીથી ધરતીમાં ધરબાયેલા પાંચહજાર વર્ષ પુરાણા પુષ્ઠને ઉજાગર કર્યુ છે.

● ભુજતાલુકાના સામત્રા ગામે અખિલ કચ્છ અંધજન મિત્ર મંડળ દ્વારા બ્રેઈલ લિપિના શોધક લુઈ બ્રેઈલના જન્મદિન નિમિત્તે અંધજન ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરાયું હતું. રાપર, ભુજ અને મુંદરાની ટીમો વચ્ચે મુકાબલા થયા બાદ આંતર રાષ્ટ્રીય અંધજન ક્રિકેટના નિયમો મુજબ રમાયેલી સ્પર્ધામાં રાપર ઈલેવન વિજેતા બની હતી. મુંદરા રનર અપ રહી હતી. અવાજ કરતા દડાએ પ્રેક્ષકોમાં આકર્ષણ જમાવ્યું હતું.

● પુલવામાના આતંકી આક્રમણમાં શહીદ જવાનોના પરિવારને સહાય રૂપ થવા સૌ પોતપોતાની રીતે આગળ આવ્યા. તેમાં નખત્રાણા તાલુકાની મોટી વિરાણીના અલખ મહેર મ્યુઝિકલ ગ્રુપએ જે કચ્છી વાધો સાથે આરાધીવાણી, ભજનો, લોકગીતો દ્વારા દેશદેશાવરમાં નામના મેળવી છે. આ મંડળીએ નાઈટના ૨૫થી ૩૦ હજાર ચાર્જ કરે છે. તેઓ સ્વેચ્છાએ શહીદ જવાનો અને સરહદે રખોપું કરતા. સૈન્ય જવાનોના ઘરે શુભ પ્રસંગોએ નિઃશુલ્ક પ્રોગ્રામ આપવાનું જાહેર કર્યુ છે. લુપ્ત થતા કચ્છી વાધો મોરચંગ, ઘડા, ગમેલા, તંબુરા વાદન સાથે કચ્છી પહેરા કચ્છી વાણીની છટા સાથે સીજુ બંધુ સ્ટેજ ગજાવી નામના મેળવી છે.

● અંજારની એજ્યુકેશન સોસાયટી દ્વારા શાળા પ્રાંગણમાં ગ્રાન્ડ પેરેન્ટસ ડે યોજ્યો હતો. જેમાં નર્સરીથી ધોરણ ૩ સુધીના બાળકોએ વિવિધ કાર્યક્રમો રજૂ કર્યા હતા. ઉપસ્થિત દાદા-દાદી, નાના-નાની માટે જુદી જુદી રમતોનું આયોજન કરાયું હતું. ઉપસ્થિત સૌ વડીલોને જીવન ઘડતરમાં ઉપયોગી પુસ્તકનું વિતરણ કરાયું હતું.

## જીવન ઘટમાળ

**● જન્મ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨-૦૧-૨૦૧૯ | સાયન | દિયારા-પુનમ જીગર હરીશ ખોના | નલિયા | કન્યા |

**● આંતરજ્ઞાતિ સગપણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૦૩-૨૦૧૯ | વરાડીયા | સાગર હિતેશ જયંતિલાલ મોમાયા | બેંગ્લોર | ૨૯ |
| | બાંડા-પાલી (રાજસ્થાન) | વિદુષી મહાવીરભાઈ કંકલોલ | બેંગ્લોર | ૨૫ |

**● આંતરજ્ઞાતિ લગ્ન ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૦૨-૨૦૧૯ | વરાડિયા | આકાશ ધીરીશ જયંતિલાલ મોમાયા | બેંગ્લોર | ૨૯ |
| | કંટાલિયા-પાલી (રાજસ્થાન) | પ્રેરણા મહેન્દ્રભાઈ પોરવાલ | અમદાવાદ | ૨૫ |

**● મરણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦-૦૪-૨૦૧૯ | ઈંદોર | વિપીન ખેતશી હેફા | સુથરી | ૭૫ |
| ૨૩-૦૪-૨૦૧૯ | ડોંબિવલી | મધુરીબાઈ દામજી નાગડા | નલિયા | ૭૪ |
| ૨૫-૦૪-૨૦૧૯ | મુલુંડ (૫) | મિનાક્ષી બુધીચંદ છેડા | તેરા | ૮૩ |

## અચલગચ્છ જૈન સંઘ વરલીમાં આયંબિલ તપ આરાધકોની અનુમોદના કરાઈ

અચલગચ્છ જૈન સંઘ વરલીમાં આંયબિલ તપ કરનાર નાના ભૂલકાંઓની અનુમોદના સંઘના વરિષ્ઠ ટ્રસ્ટીઓ કરી તપસ્વીઓના ભાવને બિરદાવ્યા હતા. આ પ્રસંગે સંઘના શ્રાવક-શ્રાવિકાઓની ભવ્ય ભાવથી ઉપસ્થિત રહી હતી. તેઓએ પણ આરાધકોને બિરદાવ્યા હતા.


જ્ઞાતિમૈયા માં
આપની કોઈપણ મેંટર અથવા જાહેરાત મોકલો
Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosamastamahajan.org
અથવા વૉટ્સએપ પર મોકલો
9769991922
9820302853
9322257731





बहेना प्रस्तुत मिट्टी का
कुंडा
१२०+ से ज्यादा
सेंटर पर उपलब्ध
₹ 100/-
एक बिना मूल्य
और
दुसरा लोगे तो
शुल्क ₹ 50/-
₹ 100/-
अपना पसंदीदा भोजन /जल
आहार लेने से पहले जरा सोचें की
क्या आपने पशु - पक्षियों के लिए
पानी के बर्तन भर दिए हैं?
बहेना
7977 22 9099
फिल्म स्टार
अंजू महेंद्रू
अधिक जानकारी के लिए कृपया वॉट्सअप करें
9322213877 पर BAHENA KUNDA
टाईप करने के बाद WhatsApp करें
जीवदया
संस्था को दिया गया दान 80G के अनुसार कर मुक्त है।
ई-भुगतान, चेक या नगद द्वारा दान किया जा सकता है।

# NOW SAVE UPTO 99%#
# ON PREMIUM OF YOUR COMMERCIAL VEHICLES*

## (ZERO DEP COVER ALSO AVAILABLE)



# VALID TILL 31/03/2019

* T&C APPLY

**insurancekhoj.com™**

**the ultimate stop for insurance™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# karani

insurancekhoj@gmail.com ⬩ 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**

KDO

Gyatimaiya
Weekly E-magazine

KDO